# સંક્ષિપ્ત સમાચાર

## પેન્શનરોની હયાતીની ખરાઈ માટે ડીઝીટલ પદ્ધતિ અમલી બનશે

બનાસકાંઠા જિલ્લા તિજોરી અધિકારીના જણાવ્યા પ્રમાણે હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરીના પરિપત્રથી પેન્શનરોની હયાતીની ખરાઈ માટે ડીઝીટલ પદ્ધતિ અમલમાં આવનાર છે. જેથી હાલના પેન્શનરો તથા તેમના કુટુંબી પેન્શનરોએ આધારકાર્ડની પ્રમાણિત નકલ આપવાની રહેશે. જેથી દરેક પેન્શનરે તેઓના આધારકાર્ડની પ્રમાણિત નકલ જેમાં પેન્શનરનું નામ, પેન્શનરનો પીપીઓ નંબર, લેઝર નંબર અને જે બેંકમાંથી પેન્શન મેળવતા હોય તે બેંકના નામની વિગતો નોંધી જિલ્લા તિજોરી કચેરી, પાલનપુર તથા પેટા તિજોરી કચેરીઓ ખાતે તા. ૩૧ ઓગષ્ટ સુધીમાં રજુ કરવા જણાવાયું છે.

## ગોરા હાઈસ્કૂલમાંથી ૧૦ હજારનું એલસીડી ચોરાયું

સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના ગોરા ગામની સીમમાં આવેલ હાઈસ્કૂલમાંથી ગત તા. ૬ થી ૮ ઓગષ્ટ દરમિયાન અજાણ્યા શખ્સોએ હાઈસ્કૂલમાં રખાયેલ રૂ. ૧૦ હજારની કિંમતનું એલસીડી ચોરીને ભાગી ગયા હતા. જે અંગે આંજણા ગામના રમણભાઈ ગેબાભાઈ પટેલે સોમવારે અજાણ્યા સખ્સો વિરૂદ્ધ તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## મહેસાણામાં જાહેર સ્થળોએ અનઅધિકૃત રીતે ચારથી વધુ માણસો ભેગા થવા પર પ્રતિબંધ

મહેસાણા, તા. ૯

જાહેર સ્થળે વગર પરમીશને ધરણા, રેલી, સરઘસ દેખાવો જેવા કાર્યક્રમમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે સારૂ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાએ ગેરકાયદેસર રીતે માણસો ભેગા થવા પર પ્રતિબંધના આદેશ આપ્યો છે.

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૭૩(૩) મુજબની સત્તાની રૂએ આપેલ આદેશ જિલ્લાના સમગ્ર શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ૮ ઓગષ્ટ ૨૦૧૬થી ૨૨ ઓગષ્ટ ૨૦૧૬ સુધી લાગુ પડશે. સક્ષમ અધિકારીની મંજુરી વિના અનઅધિકૃત રીતે ચારથી વધુ માણસો ભેગા થઈ શકશે નહી. આ આદેશ સરકારી નોકરીમાં ફરજ પરના વ્યક્તિઓ, લગ્નના વરઘોડા તેમજ સ્મશાન યાત્રાને લાગુ પડશે નહિ તેમ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## દિવાળીના તહેવારોમાં ફટાકડા પરવાનો મેળવવા સંબંધિત પ્રાન્ત કચેરીએ કાર્યવાહી શરૂ

મહેસાણા જિલ્લાના વિવિધ તાલુકાઓના તેમજ તેના વિસ્તારોમાં દિવાળીના તહેવારોમાં ફટાકડાનો હંગામી પરવાનો મેળવવામાં રસ ધરાવતા ઈસમોએ જરૂરી અરજી, પોલીસ અભિપ્રાય અને સદર બેન્કમાં ફી ભરેલ પાવતી સાથે નિર્ધારીત કરેલ તારીખ સુધીમાં તાલુકાની સંબંધિત પ્રાન્ત કચેરીને અરજી મોકલી આપવાની રહેશે. આ અંગેની વધુ માહિતી માટે જે તે વિસ્તારની પ્રાન્ત કચેરીઓની ફોજદારી શાખાનો સંપર્ક સાધવાનો રહેશે.

## મહેસાણા તાલુકા શહેરની વિવિધ મંડળીઓ ફડચામાં

મહેસાણા શહેરની આસોપાલવ કો.ઓપ. સહકારી હાઉસીંગ મંડળી, જયભીમ મજુર કામદાર મંડળી, અને ગોપાલ નગર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી મંડળીને ૬ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ ફડચામાં લઈ જવાઈ છે. આ ઉપરાંત અંબિકા મજુર કામદાર સહકારી મંડળી લાખવડ તેમજ આંબલીયાસણ મજુર કામદાર મંડળી આંબલીયાણને ૬ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ ફડચામાં લઈ જવાઈ છે. આ તમામ મંડળીઓના ફડચા અધિકારી તરીકે એચ.એસ. પટેલની નિમણુંક કરાઈ છે. આ મંડળીઓના હિત સંબંધિતોએ દિન ૩૦માં આધાર પુરાવા સાથે ફડચા અધિકારી બ્લોક નં. ૩, બહુમાળી મકાન, બીજો માળ, મહેસાણાનો સંપર્ક સાધવાનો રહેશે તેમ ફડચા અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ખોડામલી ગામની શિવશક્તિ મંડળીને ફડચામાં લઈ જવાઈ

મહેસાણા જિલ્લાના સતલાસણા તાલુકાના ખોડામલી ગામની શિવશક્તિ મજૂર કામદાર સહકારી મંડળીને ૬ ઓગષ્ટ ૨૦૧૬ના રોજ ફડચામાં લઈ જવાઈ છે. જેના ફડચા અધિકારી તરીકે એચ.એસ. પટેલની નિમણુંક કરાઈ છે. આ મંડળીઓના હિત સંબંધિતોએ દિન ૩૦માં આધાર પુરાવા સાથે ફડચા અધિકારી બ્લોક નં. ૩ બહુમાળી મકાન, બીજો માળ, મહેસાણાનો સંપર્ક સાધવાનો રહેશે તેમ ફડચા અધિકારી મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## બિનખેતી પરવાના માટે ગુરૂવારે મહેસાણામાં ઓપન હાઉસ કેમ્પ યોજાશે

મહેસાણા જિલ્લા કલેક્ટર આલોક કુમાર દ્વારા સૌ પ્રથમ ખુલ્લા ફોરમની પદ્ધતિથી બીનખેતી યોજના અમલમાં મુકી છે. જમીન રેકોર્ડ કોડની કલમ ૬૫ અન્વયે ખેતીની જમીનના બિનખેતી ઉપયોગીતાની પરવાનગી માટે અરજદાર-ખાતેદારોની અરજીઓની માંગણીઓ અંગે લોકભિમુખ અભિગમ થકી પારદર્શીતા આવે તે માટે ઓપન હાઉસ કેમ્પનું આયોજન જિલ્લા કલેકટના અધ્યક્ષ સ્થાને કરવામાં આવશે. આ ઓપન હાઉસ કેમ્પ શુક્રવારે યોજાવાનો હતો પરંતુ અનિવાર્ય કારણોસર ગુરૂવારના રોજ યોજાનાર છે. મહેસાણા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે ૧૧ ઓગષ્ટ ૨૦૧૬ને ગુરૂવારના રોજ સવારે ૧૧.૦૦ કલાકે ઓપન હાઉસ કેમ્પનું આયોજન કરાયું છે. તેમ જિલ્લા કલેક્ટર મહેસાણાની અખબારી યાદીમાં જણાવાયું છે.

## પાલનપુરમાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરાઈ

બનાસકાંઠા જિલ્લામાં તા. ૧લી ઓગષ્ટથી તા. ૧૫મી ઓગષ્ટ સુધી મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મહિલાઓમાં જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આજે બનાસકાંઠા જિલ્લા કલેક્ટર જેનુ દેવને પાલનપુર નારી સંરક્ષણ કેન્દ્રની મુલાકાત લઈ બહેનોને મળ્યા હતા. તેમણે નારી સંરક્ષણ કેન્દ્રની સુવિધાઓ ચકાસી બહેનોને કોઈ મુશ્કેલીઓ છે કૈ કેમ તેની જાણકારી પણ મેળવી હતી. નારી કેન્દ્રની બહેનોએ કલેક્ટરને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી કરી હતી. મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણીને અનુલક્ષી તા. ૩ ઓગષ્ટના રોજ નારી સંરક્ષણ કેન્દ્રમાં બહેનોને સ્વરોજગારી અંગે માર્ગદર્શન આપવાનો કાર્યક્રમ યોજાયો હતો. બહેનોને ટુંકાગાળાની તાલીમ જેવી કે શિવણકામ, ભરતગુંથણ, પગલુંછણીયા બનાવવા વગેરે અંગે સંસ્થાના ઉદ્યોગ શિક્ષક લુલોચનાબેન જાદવ દ્વારા તાલીમ અને માર્દર્શન આપવામાં આવ્યું હતું.




મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વવાળી ભાજપ સરકારમાં રવિવારે થયેલી મંત્રીમંડળની શપથવિધિ બાદ આજે આઠ જેટલા સંસદીય સચિવની નિયુક્તિ કરવામાં આવી હતી. જેમાં પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની સરકારના મોટા ભાગના સંસદીય સચિવોને યથાવત રાખી કેટલાંક નવા ચહેરાઓ પણ સમાવેશ કરવામાં આવ્યો હતો.

## સંસદીય સચિવોની શપથવિધિ

| સંસદીય સચિવનું નામ | વિષયોની ફાળવણી |
|---|---|
| વાસણભાઈ ગોપાલભાઈ આહિર | પાણી પુરવઠો, કુટીર ઉદ્યોગ, મીઠા ઉદ્યોગ |
| રણછોડભાઈ મહીજીભાઈ દેસાઈ | પંચાયત, પશુપાલન, યાત્રાધામ વિકાસ |
| વિભાવરીબેન વિજયભાઈ દવે | મહિલા અને બાળ કલ્યાણ, શિક્ષણ |
| ભરતસિંહજી શંકરજી ડાભી | જળસંપતિ, ગ્રામ વિકાસ |
| શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતો |
| જેઠાભાઈ દાનાભાઈ સોલંકી | સામાજીક ન્યાય અને અધિકારિતા (અનુઃ જાતિઓનું કલ્યાણ) |
| બાબુભાઈ જમનાદાસ પટેલ | કૃષિ અને સહકાર |
| જયંતિભાઈ સવજીભાઈ રાઠવા | વન, આદિજાતિ વિકાસ |

# આર્થિક અનામત મામલે રાજ્ય સરકાર હવે સુપ્રીમ કોર્ટમાં

### પાટીદાર અનામત આંદોલન ફરી તીવ્ર બને તે પહેલા જ રાજ્ય સરકારની સુપ્રીમમાં રજૂઆત :સુનાવણી પર નજર

અમદાવાદ, તા.૯

પાટીદાર આંદોલને વેગ પકડતા રાજ્ય સરકારે જાહેર કરેલા બિનઅનામત વર્ગના નાગરિકો માટેના ૧૦ ટકા અનામતને હાઈકોર્ટે ગેરબંધારણીય જાહેર કરી સરકારનો વટહુકમ રદ કર્યો હતો. જે બાદ ગુજરાત સરકારે ગુજરાત હાઈકોર્ટના નિર્ણયને સુપ્રીમમાં પડકાર્યો છે. જેની સુનાવણી ૧૬ ઓગસ્ટે હાથ ધરાશે. ચીફ જસ્ટિસ આર સુભાષ રેડ્ડી અને જસ્ટિસ વી એમ પંચોલીની ખંડપીઠે નોધ્યું હતુ કે, રાજ્ય સરકારે અનામતની આ જોગવાઈનો ખુબ જ ઉતાવળે અને કોઈ પણ જાતનો સર્વે કર્યા વિના જ અમલ કર્યો હતો. સુપ્રીમ કોર્ટના ઈન્દિરા સોહની કેસના તારણોને ધ્યાને લઈ હાઈકોર્ટે રાજ્ય સરકારની બિનઅનામત વર્ગના લોકો માટેની અનામતને ગેરકાયદે જાહેર કરી તેને રદ કરી છે.

આ સાતે ઈબીસીને આધારે અપાયેલા એડમિશન પણ હાઈકોર્ટે રદ કર્યો છે. સરકારે બિનઅનામત વર્ગના લોકો માટે જાહેર કરેલી ૧૦ ટકા અનામતને જાહેર હિતની રિટ તથા ૪ પિટિશન દ્વારા પડકારાઈ હતી. ખંડપીઢ સમક્ષ રજુઆત કરાઈ હતી કે, સરકારનું આ પગલું ગેરકાયદે ગેરબંધારણીય તેમજ નાગરિકોના મૂળભૂત અધિકારીના ભંગ સમાન છે, તે રદ થવું જોઈએ. બીજી તરફ રાજય સરકાર દ્વારા બચાવ કરાયો હતો કે, અનામતની નિતિ જાહેર કરતાં પહેલા યોગ્ય રીતે તેનો સર્વે કરાયો છે. આ અનામત નથી, વર્ગીકરણ છે તથા તે ૫૦ ટકા કરતા વધતી નથી.

# ૧૫મી ઓગસ્ટથી ટોલ ટેક્સ નાબુદ કરવો મુશ્કેલ : રૂપાણી

અમદાવાદ, તા.૯

રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે કહ્યું હતું કે, ગુજરાતમાં આનંદીબેન પટેલે કરેલી જાહેરાત અનુસાર ટોલટેક્સ ચોક્કસપણે નાબુદ કરવામાં આવશે પરંતુ આ નાબુદી ૧૫મી ઓગસ્ટથી જ થશે તે કહેવું થોડુ મુશ્કેલભર્યુ છે. સરકાર આ બાબતે વિચાર કરી રહી છે. વિજય રૂપાણીએ અનેક પ્રશ્નોના ઉત્તર આપ્યા હતા. તેમણે પાટીદાર આંદોલન શમાવવા માટે સરકાર પ્રયત્નો કરી રહી છે. તેમ જણાવ્યું હતું સાથોસાથ દલિત આંદોલન પાછળ રાજકીય રોટલા શેકવાનો આશય હોવાનો પણ તેમણે જણાવ્યું હતું. તેમણે ગુજરાતમાં ભ્રષ્ટાચારવિહોણો પારદર્શક વહીવટ આપવાનું વચન પણ આપ્યું હતું. રાજ્યના નાના વાહનચાલકોને ટોલટેક્સમાંથી મુક્તિ આપવાના મુદ્દે ખાનગી ટીવી ચેનલને આપેલી મુલાકાતમાં જણાવ્યું છે કે, મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા કરવામાં આવેલી જાહેરાત વર્તમાન સરકાર વિચારણા હેઠલ છે.



આથી ૧૫ ઓગસ્ટથી ટોલટેક્સમાં મુક્તિ આપવી શક્ય જણાતી નથી. જોકે, તેમણે કહ્યું હતું કે, નવી તારીખો જાહેર થઈ શકે છે અને રાજય સરકાર આ દિશામાં પ્રયત્નો શરૂ કરી દીધા છે. જરૂરી અભ્યાસો હાથ ધરીને ટોલટેક્સમાંથી મુક્તિ અપાશે. તેમણે ઉમેર્યું કે, સાતમાં પગારપંચનો અમલ રાજય સરકાર દ્વારા કરવામાં આવશે. અમે પ્રજામાં એક પ્રકારનો વિશ્વાસ ઉભો કરવા માગીએ છીએ. પાટીદાર આંદોલન સંદર્ભે પુછાયેલા પ્રશ્નોના જવાબમાં તેમણે કહ્યું હતું કે, પાટીદાર આંદોલન એ સરકાર માટે પડકાર નથી પરંતુ એક સમસ્યા છે અને અમે તમામ સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે પ્રયત્નશીલ છીએ. સરકારે ઈબીસીનો લાભ આપ્યો હતો. પરંતુ હાઈકોર્ટે તેને રદ કર્યો છે પરંતુ સરકાર તેની સામે સુપ્રીમમાં જશે. તેમણે વિશ્વાસપૂર્વક કહ્યું હતું કે, પાટીદારો આજે પણ ભાજપની સાથે જ છે. દલિત આંદોલન બાબતે પુછતા તેમણે ઉમેર્યું હતું કે, ઉત્તર પ્રદેશની ચૂંટણી નજીક આવી રહી છે તેથી આ મુદ્દા ઉછાળવામાં આવ્યો છે. જે દિવસે ઘટના બની ત્યાર પછી સરકાર દ્વારા તુરંત પગલાંઓ લેવામાં આવ્યા હતા.

# રાજ્યપાલ ઓ.પી. કોહલીના જન્મદિને રાજભવનમાં યોજાયેલ રક્તદાન શિબિર

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે રાજભવન ખાતે પધારી ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીને જન્મદિનની હૃદયપુર્વક શુભકામનાઓ આપી હતી. મુખ્યમંત્રીની સાથે પધારેલા



અંજલિબહેન રૂપાણીએ પણ રાજ્યપાલશ્રીને શુભકામનાઓ પાઠવી હતી. વિધાનસભાના કાર્યકારી અધ્યક્ષ પરબતભાઈ પટેલ, ગુજરાત વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને મંત્રીમંડળના સભ્યોએ પણ રાજ્યપાલશ્રીને જન્મદિનની શુભકામનાઓ આપી હતી.

રાજ્યપાલશ્રીને રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંઘ, રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવશ્રીઓ, સુરક્ષા દળોના વરિષ્ઠ અધિકારીઓ, અગ્રણી નાગરિકો, પદાધિકારીઓ, વિવિધ સેવાભાવી સંસ્થાઓના પ્રતિનિધિઓ, વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ, રાજભવનના અધિકારીઓ-કર્મચારીઓ તથા પરિવારજનોએ જન્મદિનની શુભેચ્છા પાઠવી હતી.

રાજ્યપાલશ્રીના જન્મદિન નિમિત્તે રાજભવન ખાતે અમદાવાદ-ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સહયોગમાં યોજવામાં આવેલ રક્તદાન શિબિરમાં રાજભવનના અધિકારી-કર્મચારીઓ તથા પરિવારના સભ્યો, સૈન્યની ત્રણેય પાંખના અધિકારીઓ-જવાનો, એસઆરપી, સીઆરપીએફ તથા સ્થાનિક રક્તદાતાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલી અને લેડી ગવર્નર શ્રીમતી અવિનાશ કોહલીએ રક્તદાન શિબિરની મુલાકાત લઈ રક્તદાતાઓને માનવતાના આ ઉમદા કાર્યમાં સહયોગી બનવા માટે હૃદયપૂર્વક બિરદાવ્યા હતા.

# વડોદરામાં સાત ઈંચ વરસાદ

### રાજ્યમાં ભારે વરસાદની ચેતવણી : વડોદરામાં જળબંબાકારની સ્થિતિ : સૌરાષ્ટ્ર-મધ્ય ગુજરાતમાં ભારે વરસાદ

અમદાવાદ,તા. ૯

ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદનો દોર જારી રહ્યો છે. આજે પણ ગુજરાત ઉપર મોનસુન જોરદારરીતે સક્રિય રહ્યું હતુ અને ભારે વરસાદ થયો હતો. હજુ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે જેથી તંત્ર સાવધાન થયેલું છે. મધ્ય ગુજરાતના વડોદરમાં મેઘતાંડવની સ્થિતિ સર્જાઈ છે અને કલાકોના ગાળામાં જ સાત ઈંચથી વધુ વરસાદ થતાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. ભારે વરસાદના કારણે શહેરના રાવપુરા, કારેલીબાગ, સરદાર એસ્ટેટ, માંજલપુર, અલકાપુરી વિસ્તારોમાં ઘુંટણ સુધીના પાણી ભરાઈ ગયા હતા. વડોદરામાં મેઘતાંડવની સ્થિતિના લીધે જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હતું. સાંજે ભારે વરસાદની શરૂઆત થઈ હતી જેના કારણે જુદા જુદા વિસ્તારોમાં ટ્રાફિકજામની સ્થિતિ પણ સર્જાઈ હતી. લોકો જુદી જુદી જગ્યાઓએ અટવાઈ પડ્યા હતા. મધ્ય ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્રના વિવિધ ભાગોમાં પણ વરસાદ થયો છે. સૌરાષ્ટ્રના રાજકોટ,અમરેલી, ભાવનગરમાં વરસાદ થયો છે. જુનાગઢમાં પણ મેઘમહેર જારી રહી છે. દરમિયાન કંડાણા ડેમ છલકાઈ ગયો છે. પાવાગઢમાં પણ વરસાદ થયો છે. પંચમહાલ જિલ્લામાં ધોધમાર વરસાદ નોંધાયો છે. જો કે, સૌથી વધારે કફોડી હાલત વડોદરા શહેરમાં થઈ છે. જ્યાં સાત ઈંચથી વધુ વરસાદ થયો છે. હવામાન વિભાગ તરફથી ગુજરાતમાં અતિભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે. પશ્ચિમી મધ્યપ્રદેશ અને પૂર્વીય રાજસ્થાન ઉપર લો પ્રેશરની સ્થિતિ સર્જાયેલી છે. જેના લીધે હજુ ગુજરાતના જુદા જુદા ભાગોમાં ભારે વરસાદ થવાની ચેતવણી જારી કરાઈ છે. તંત્ર સંપૂર્ણપણે સાવધાન થયેલું છે.રાજ્યમાં ૯-૮-૨૦૧૬ના રોજ સવારે ૮ કલાકે પુરા થયેલા ૨૪ કલાક દરમિયાન ૬૫થી વધુ તાલુકાઓમાં એકથી ચાર ઈંચ તેમજ ૩૪ તાલુકાઓમાં અડધા ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે.

## રેપો રેટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જોવાની નિતી અપનાવવામાં આવી છે. કેન્દ્ર સરકાર ફુગાવાને ટાર્ગેટને ચાર ટકા સુધી રાખવા પ્રયાસ કરી રહી છે.

આરબીઆઈએ ભારતીય અર્થતંત્ર માટે તેના ગ્રોથનો અંદાજ પણ ૭.૬ ટકાના દરે જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. આજે રેટ યથાવત રાખવાનો મતલબ એ થયો કે રેપો રેટ અથવા તો રિપર્ચેઝ રેટ ૬.૫૦ ટકાના દરે યથાવત રહેશે. સાથે સાથે સીઆરઆર પણ યથાવત ચાર ટકા રહેશે. આ વર્ષમાં ઓક્ટોબરમાં વ્યાજદરમાં ઘટાડો કરવામાં આવી શકે છે. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ છેલ્લે સાતમી જુનના દિવસે નાણાંકીય નિતી સમીક્ષા જારી કરી હતી. જેમાં પણ તમામ ચાવીરૂપ રેટ યથાવત રાખવામાં આવ્યા હતા. અગાઉ રેપો રેટ અથવા તો રિપર્ચેઝ રેટમાં ૨૫ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. આની સાથે જ રેપોરેટ હવે ઘટીને ૬.૫૦ ટકા થઈ ગયો હતો. મોટા ભાગના બેંકરો અને નિષ્ણાંતો પહેલાથી જ માની રહ્યા હતા કે આરબીઆઈ વ્યાજદરમાં હાલમાં કોઈ ફેંરફાર કરનાર નથી. આરબીઆઈએ પોલિસી રેટમાં હજુ સુધી ૧૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો છે પરંતુ બેંકોએ સામાન્ય લોકોને લોનના મામલામાં ઓછી રાહતો આપી છે. ૧૫૦ બેઝિક પોઈન્ટના પોલિસી રેટમાં ઘટાડા સામે બેંકોએ માત્ર અડધી રાહત ધિરાણના મામલામાં સામાન્ય લોકોને આપી છે.આરબીઆઈએ હાલમાં સાવધાની પૂર્વકનુ વલણ અપનાવ્યુ છે. તેનુ કહેવુ છે કે જો તમામ બાબતો યોગ્ય દિશામાં આગળ વધશે અને ખાદ્યાન ફુગાવો ઘટી જશે તો રેટમાં આરબીઆઈ દ્વારા વધારે ઘટાડો કરવામાં આવશે.

## મેગા સેલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મેગાહર્જ સ્પેક્ટ્રમ વેચશે. ટેલિકોમ સેક્રેટરી જેએસ દિપક કહી ચુક્યા છે કે તેમાં ૧૮૦૦ મેગાહર્ટજ અને ૮૦૦ મેગાહર્ટજ બેન્ડસમાં એડિશનલ સ્પેક્ટ્રમ પણ સામેલ છે. જેની કિંમત બેઝ કિંમત પર ૨૭૦૦૦ કરોડ રૂપિયા હોઈ શકે છે. મોદી સરકાર હરાજી મારફતે જંગી નાણાં એકત્રિત કરવાની યોજના પહેલાથી જ તૈયાર કરી ચુકી છે. હવે તમામ મોટી ટેલિકોમ કંપનીઓની નજર સપ્ટેમ્બરમાં થનાર હરાજી પર કેન્દ્રિત થઈ ગઈ છે. વેપારી કારોબારીની પણ બાજ નજર રહેશે. વેચાણની પ્રક્રિયા પૂર્ણ થવા સુધી સ્પેક્ટ્રમ ટ્રેડિંગ, વહેંચણી, મર્જર સહિત માર્કેટમાં કન્સોલીડેશનની દરેક ગતિવિધિ ઉપર બ્રેક રહેશે. આગામી હરાજીમાં વેચવામાં આવનાર સ્પેક્ટ્રમ પર ત્રણ ટકાના સ્પેક્ટ્રમ યુસેઝ ચાર્જ લાગૂ થશે. અલબત્ત ટેલિકોમ કંપનીઓની સ્થિતિ મુજબ તેમના ઉપર જુદા જુદા એસયુસી લાગૂ થશે.

૭૦૦ મેગાહટ્ર્ઝ, ૯૦૦ મેગાહટ્ર્ઝ, ૮૦૦ મેગાહટ્ર્ઝ બેનમાં વિજેતાઓને હરાજી પુરી થવાના ૧૦ દિવસની અંદર વિજેતા રકમ પૈકીની ૨૫ ટકા રકમ ચુકવવી પડશે જ્યારે વિનિંગ બીડ પ્રાઈઝના ૫૦ ટકા હિસ્સા ૧૮૦૦ મેગાહટ્ર્ઝ, ૨૩૦૦ મેગાહટ્ર્ઝ, ૨૫૦૦ મેગાહટ્ર્ઝ બેન્ડમાં સ્પેક્ટ્રમ માટે અપફ્રન્ટ રહેશે. બાકી રકમ બે વર્ષ બાદ ૧૦ના હિસ્સામાં ચુકવવાની રહેશે.

## કલીખો પુલ

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. નવાબ તુકીએ કલીખોના મોત ઉપર આઘાત વ્યક્ત કર્યો છે અને કહ્યું છે કે, આ ખુબ જ આઘાતજનક બનાવ છે. કલીખો પુલ જેવા યુવા નેતા અમારી વચ્ચે રહ્યા નથી જે ખુબ જ આઘાતજનક બાબત છે.

નબાબ તુકીના નેતૃત્વવાળી સરકારથી કોંગ્રેસને જે ધારાસભ્યોએ ફેબ્રુઆરી મહિનામાં બળવો કર્યો હતો તેનું નેતૃત્વ કલીખો દ્વારા કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ સાથે બળવો કરીને કલીખોએ ભાજપની મદદથી અરુણાચલમાં સરકાર બનાવી હતી. પ્રદેશ કોંગ્રેસ નેતૃત્વ સાથે નારાજ દેખાયેલા કલીખોએ જ્યારે પાર્ટી પ્રત્યે અસંતોષની લાગણી વ્યક્ત કરી ત્યારે તેમની સાથે કોંગ્રેસના ૧૯ ધારાસભ્યો પણ હતા. સરકાર રચનાને લઈને ભાજપના ૧૧ અને અપક્ષના બે સભ્યોએ સમર્થન આપ્યું હતું. કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, કલીખોના ટેકાથી ભાજપ રમત રમીને અરુણાચલ પર કબજો જમાવવા ઈચ્છુક છે. કલીખોના નેતૃત્વમાં રચવામાં આવેલી સરકારને કોંગ્રેસે ગેરકાયદે ગણાવી હતી. આની સામે કોંગ્રેસે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરવામાં આવી હતી. તે વખતે કોંગ્રેસને સુપ્રીમ કોર્ટ તરફથી કોઈ રાહત મળી ન હતી પરંતુ ત્યારબાદ જુલાઈ મહિનામાં કોર્ટ તરફથી લીલીઝંડી મળી ગયા બાદ તુકી બીજી વખત મુખ્યમંત્રી બની ગયા હતા. સુપ્રીમ કોર્ટે અરુણાચલમાં લાગૂ કરવામાં આવેલા રાષ્ટ્રપતિ શાસનને ગેરકાયદે ગણાવીને ફરી ચુંટાયેલી સરકાર સ્થાપિત કરવા માટે કહ્યું હતું. રાજ્ય વિધાનસભામાં કોંગ્રેસે વિશ્વાસમત મેળવી લીધો હતો. ભાજપને કલીખો પુલ અને અસંતોષ ધારાસભ્યો ઉપર વિશ્વાસ હતો. કોંગ્રેસે છેલ્લી ઘડીએ રમત રમીને તુકીની જગ્યા પેમા ખાંડુને મુખ્યમંત્રી બનાવી દીધા હતા. કલીખોના મોતના મામલામાં ઉંડી તપાસ ચાલી રહી છે. કારણોમાં તપાસ કરવામાં આવ્યા બાદ કેટલીક નવી વિગતો ખુલી શકે છે.

## સંસદીય સચિવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાજકીય વર્તુળોમાંથી પ્રાપ્ત થયેલ વિગતો મુજબ કટોકટી કાળમાં સ્વ. બાબુબાઈ પટેલના શાસનમાં સંસદીય સચિવો નિમાયા હતા. એ વેળાએ સ્વ. કાસમભાઈ આછવા, લેખરાજ બચાણી, સ્વ. ચીમનભાઈ યુ. પટેલને સંસદીય સચિવ તરીકે નિયુક્ત કરાયા હતા. આ પછી ચીમનભાઈ પટેલ, માધવસિંહ સોલંકી, નરેન્દ્ર મોદી, શ્રીમતી આનંદીબેન પટેલ, વિજય રૂપાણીના મંત્રીમંડળમાં સંસદીય સચિવો નિમવામાં આવ્યા છે.

સંસદીય સચિવોને બેસવા માટે બ્લોક નં. ૨માં જગ્યાઓ ફાળવવામાં આવી છે. સંસદીય સચિવોને ગાડી સહિતની સુવિધાઓ મળશે.

## સાબરમતી સુક્કી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામમાં પણ નદીકાંઠાના ગામોમાં પણ આવી જ સ્થિતિ છે. જો કે જિલ્લામાં ૫૦ ટકા જેટલો વરસાદ સિઝનનો થઈ ગયો છે. રાજ્યમાં હવે વરસાદ માટે ત્રણ સિસ્ટમો એક સાથે કાર્યરત થઈ હોવાનું હવામાન ખાતુ કહી રહ્યુ છે ત્યારે આગામી દિવસોમાં લોકમાતા નદીઓ રિચાર્જ થાય અને ભૂગર્ભ જળના સ્તર ઉંચા આવે તેવી આશા રાખીએ.

નદીઓના ઉપરવાસમાં જ હજુ જોઈએ તેટલો વરસાદ નોંધાયો નથી. આ ઉપરાંત જિલ્લામાં પણ હજુ વરસાદની ઘટ જોવા મળી રહી છે. શ્રાવણ માસ દરમ્યાન સામાન્યતઃ સાબરમતી નદી બે કાંઠે જોવા મળતી હોય છે પરંતુ આ વખતે જોવા મળી નથી.